# મુલુંડના હેલ્થ સેન્ટર દ્વારા ઘાટકોપરની પી.એન.દોશી કોલેજમાં ઈસીજી કેમ્પ



મુલુંડના હેલ્થકેર સેન્ટરના ડાયરેકટર હરેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ શ્રીમતી પી.એન. દોશી વુમન્સ કોલેજ ઘાટકોપર (પ)માં ઈસીજી કેમ્પનું આયોજન તા. ૧૩-૪-૦૭ના રોજ સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું હતું. હાર્ટને લગતા ઈસીજી રીપોર્ટ વિનામૂલ્યે કાઢી આપવામાં અને જરૂરી કન્સલટેશન પણ પુરું પાડવામાં આવ્યું. આ સેવાનો લાભ કોલેજના લગભગ ૧૦૦ જેટલા ટીચીંગ અને નોનટીચીંગ સ્ટાફે લીધો હતો. આ અભિયાન પાર પાડવા માટે કોલેજના મેનેજીંગ ટ્રસ્ટી નવનીતભાઈ શેઠ અને ઈન્ચાર્જ આચાર્ય શ્રીમતી કુસુમબેન ધરમશી અને ડૉ. પ્રાધ્યાપક નીતા શાહએ યોગ્ય સહકાર આપ્યો હતો.